

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

## સલામી સવારની..

*થયા નિર્દોષ જાહેર, ને ગુના માફ થઈ ગયા!*
*બહુમતના બોગસ બણગા બાફ થઈ ગયા!*
*લાફ થઈ ગયા, ઉડતા'તા વિકાસના ગુબારે -*
*એ 'આપ'ના ઝાડુ અભિયાનથી સાફ થઈ ગયા!*

હાઈકુ

*'પ્રચાર નહીં'*
*મૂક સેવાની, પ્રજા -*
*કરે કદર...*
*(આમ આદમીનો પરિશ્રમ)*

*માછલીઓ ને -*
*મગરમચ્છો વચ્ચે*
*છે રહેવાનું...*
*(શસ્ત્રો વિનાનો સામનો)*

### ચિંતન

**ન પાપકમણાક્રોશભયમા ।**

**ઉપરોક્ત સૂત્ર ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**પાપીઓને નિંદાનો ભય નથી હોતો.**

**પાપી લોકો એક સીમા સુધી પોતોન લોકનિંદાથી બચાવે છે, પણ જ્યારે લોકનિંદાની ઉપેક્ષા કરી પ્રસિદ્ધ પાપી બનવામાં વધુ લાભ દેખાય છે ત્યારે લોકનિંદાનો ભય ત્યાગી પાપી એટલે કે અપરાધી તરીકે પ્રસિદ્ધ બનવા તેઓ લેશમાત્ર પણ સંકોચ નથી અનુભવતા.**

**આથી રાજા કે શાસકનું કર્તવ્ય છે કે તેમણે પાપીઓ અપરાધીઓને ઉગતા જ ડામી દેવા જોઈએ.**

**આજકાલ હવે પાપીઓ દુષ્ટો-દુષ્કર્મીઓને પાપ કર્મ કરવામાં જરા પણ સંકોચ કે લોકનિંદાનો ભય રહ્યો નથી કહ્યું છે ને કે જેને છોડી લાજ એનું નાનું સરખું રાજ. જેને માન-સ્વમાન-આયના-મર્યાદાનો ત્યાગ કર્યો છે. 'બેશરમ' બની ગયા છે તેમને પછી કંઈ પણ ખરાબ કર્મ કરવામાં વાંધો આવતો નથી.**

### સુવિચાર

- સ્વર્ગની પૂરી કદર શીખવા માટે પંદરેક મિનિટ નર્કનો અનુભવ કરવાની જરૂર છે - **વિલ કાર્ટન**
- સારી સલાહ માનવી એટલે આપણી યોગ્યતા વધારવી - **કિંબર લેંડ**
- જે સમયને વેડફે છે એના જીવનની ઘડિયાળના કાંટા કુદરત આડા-અવળા કરી નાંખે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- અસત્ય બાટલીમાં પૂરાયેલો રાક્ષસ છે, એને બહાર કાઢયા પછી બાટલીમાં પૂરવો ભારે મુશ્કેલ છે - **એમર્સન**
- સત્કર્મની પેઢી કદી દેવાળું કાઢતી નથી - **ડેવિડ હેન્રી થોરો**
- શ્રદ્ધાવાન પ્રશ્નો પૂછતો નથી અને નાસ્તિકને કોઈ પણ ઉત્તરથી સંતોષ થવાનો નથી - **યહૂદી કહેવત**
- આજનું ઔષધ : મસૂરની દાળ, રોટલી અને મોળી છાશ રોજ ખાવાથી અને લીલા મરચા, લાલ મરચા વિનાનું ભોજન કરવાથી દૂઝતા હરસ મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

પ્રજાવત્સલ રાજા સતત ગરીબોની મદદ માટે તત્પર રહેતો. લોકો માટે રાજકોષ ખોલી નાખતો હતો. મંત્રીએ જોયું કે ગરીબોની મદદ માટે રાજકોષનું ધન વહેંચાઈ રહ્યું છે. તો તેને ચિંતા થઈ. રાજાને તેમણે જ્ઞાનમાં સમજાવવાનું નક્કી કર્યું. તેમને એક દિવસ રાજકોષની દીવાલ પર લખ્યું 'આફત સમય માટે રાજકોષની સુરક્ષા કરવી એ આપણું કર્તવ્ય છે. જયારે રાજકોષમાં ધન જ નહીં હોય તો આફતની સ્થિતિને કેવી રીતે સામનો કરીશું?' બીજા દિવસે રાજાએ આ જોયું અને સમજી ગયા કે મંત્રીએ આવું લખ્યું છે. તેમણે એ વાક્યની નીચે એક વાક્ય ઊમેરી દીધું. 'ભાગ્યશાળીને ત્યાં આફત કે આપત્તિ કયાં આવ છે?' મંત્રીએ રાજાનું વાક્ય વાંચ્યુ અને એમને ફરી ઉમેર્યું. 'ભાગ્યનો લેખ કોઈ જાણતું નથી.' ત્રીજે દિવસે રાજાએ વાંચીને આગળ લખ્યું 'ભાગ્યનો ક્રોધ માનવ પોતાના પુરુષાર્થથી શાંત કરી શકે છે, પરંતુ આળસુ વ્યક્તિ માટે સૌભાગ્ય પણ દુર્ભાગ્યમાં બદલાઈ જાય છે. તેથી સાચા મનથી પુરુષાર્થ કરતા રહો, એટલું જ નહીં પુરુષાર્થી લોકો પ્રચંડ પુરુષાર્થથી પોતાના નવા ભાગ્યવિધાનની રચના કરવામાં સમર્થ હોય છે.' મંત્રીએ જયારે આ વાક્ય જોયું તો એમને આગળ શું લખવું તે સમજ ન પડી. મનોમન તેમણે પોતાના પ્રજા વત્સલ પુરુષાર્થી રાજાને નમન કર્યા. મંત્રી મનમાં બોલ્યા, 'હું અતિ ભાગ્યશાળી છું કે આવા મહાન રાજાની સાથે કામ કરી રહ્યો છું. જે પુરુષાર્થ અને સતત કર્મથી દરેકને પરાજિત કરવાની ક્ષમતા ધરાવે છે.'

# રાજકારણમાં અપરાધીકરણ સામે લાલ આંખ

**તંત્રીસ્થાનેથી...**

એક રીટ પીટીશન સંદર્ભે ભારતની સર્વોચ્ચ અદાલતે રાજકારણમાં છેક ઊંડે સુધી ઊતરી ગયેલ અપરાધીકરણ સામે ભારે આક્રોશ વ્યક્ત કર્યો છે. રાજકીય પક્ષો ઉમેદવાર પસંદ કરતી વખતે માત્ર એની વિજય ક્ષમતા (વિનેબિલિટી) ને જ ધ્યાનમાં ન લે, એની વ્યક્તિમત્તાને પણ મહત્ત્વ આપે તો આવાં તત્ત્વોનો પગપેસારો રોકી શકાય, પરંતુ 'જીતા વોહી સિકંદર' વાળા સૂત્રમાં માનનારા રાજકીય પક્ષો ગુંડાઓ અને આર્થિક રીતે સમૃદ્ધ ઉમેદવારો ઉપરાંત જ્ઞાતિવાદનાં ગણિત જ માંડતા રહે છે, જેને લીધે લાયક ઉમેદવારો હાંસિયે ધકેલાઈ જાય છે અને કોઈ પણ પ્રકારના સ્તર વગરના લોકો મની તથા મસલ પાવરના જોરે ધારાસભા કે લોકસભા સુધી પહોંચી જાય છે. લોકશાહીમાં છેલ્લે તો લોકો જ સર્વ સત્તાધીશ છે અને એમની મરજીનો પ્રશ્ન બની રહે છે. ટૂંકાગાળાના લાભ મેળવવાની લાલચમાં મતદારો નાણાંની રેલંછેલ તથા દારૂની મહેફિલોમાં દોરવાઈ જયા હોય છે. આમ લોકશાહીનું અપરાધીકરણ થતું રહે છે અને સિદ્ધાંતવાદી, નૈતિક મૂલ્યોને વરેલા ઉમેદવારો ગુંડા તત્ત્વો સામે ઝીંક ઝીલી શકતા નથી. સર્વેક્ષણ દર્શાવે છે કે બેઉ મુખ્ય રાષ્ટ્રીય કક્ષાની પાર્ટીઓ અપરાધી તત્ત્વોને આગળ કરવામાં એકબીજાની હરીફાઈ કરતી રહે છે. આથી પરિસ્થિતિ એવી વિકટ બની છે કે સંસદનાં બેઉ ગૃહો તથા રાજયોની વિધાનસભાઓમાં આવા નમૂનાઓ ઘૂસી ગયા છે. એમની પાસે લોકસેવાની અપેક્ષા રાખવી એ નરી મૂર્ખતા છે, તેઓ જ્ઞાતિબળ, મની અને મસલ પાવર દ્વારા ચૂંટણી જીત્યા હોઈ એમનો એકમાત્ર આશય સરકારી તિજોરી લૂંટીને આગામી ચૂંટણી જીતવાનો જ રહે છે. સુપ્રીમ કોર્ટને આવાં અપરાધી તત્ત્વો ધારાગૃહોમાં પ્રવેશતાં કેવી રીતે અટકાવવા એની ફિકર પેઠી છે. તેથી એણે આદેશ કર્યો છે કે રાજકીય પક્ષો એમના ઉમેદવારોની યાદી જાહેર કરે ત્યારે એની સામે થયેલ કેસોની માહિતી પ્રિન્ટ મીડિયામાં અને ઓનલાઈન જાહેર કરે, તથા એવા ઉમેદવારોની પસંદગી શા કારણસર, કઈ ગુણવત્તાના આધારે કરવી પડી તે પણ મતદારોને જણાવે. આમ થશે તો મતદારોને ખૂનકેસ, બળાત્કાર અને નાણાંકીય ગેરરીતિઓ જેવા ગુનાઓમાં સંડોવાયેલા ઉમેદવારો વિરુદ્ધ નૈતિક અધઃપતનથી દૂર રહેલા અને લોકસેવાનાં કાર્યો કરનારા વધુ લાયક ઉમેદવારો ચૂંટવાની તક સાંપડશે. માત્ર ગુનાઈત તત્ત્વોની કરમકુંડલી જાહેર કરી દેવાથી તેવા ઉમેદવારોને ચૂંટાતા અટકાવી શકાશે નહીં. પાર્ટીઓ આવા ઉમેદવારોને પસંદ જ ન કરે તો જ કંઈ ભળીવાર વળે. સામાન્ય રીતે રાજકીય પાર્ટીઓ વાતો તો બહુ મોટી કરતી રહે છે પરંતુ ચૂંટણી જીતવા માટે એ બહુ જ નીચી કક્ષાએ ઊતરી જતી હોય છે. ભારતીય લોકશાહીના ઈતિહાસમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓનું સ્તર સતત નીચું ને નીચું ઊતરતું રહ્યું છે તે એક કડવું સત્ય છે. આ પરિસ્થિતિ નિવારણ માટે સુપ્રીમ કોર્ટ એની મર્યાદામાં રહીને ઉમેદવારની ગુનાખોરીની માહિતી મતદારો સુધી પહોંચાડવાનો આદેશ કરી રહી છે. પરંતુ રાજકીય પાર્ટીઓ માટે જ બહુમતી જ મહત્ત્વની બની રહે છે. એટલે શ્રેષ્ઠ ઉમેદવારોની પસંદગી કરવાને બદલે તે જીતી શકે એવા જ ઉમેદવારોને ટિકિટો આપી મતદારો સાથે રમત રમતી રહે છે.

## 'જબ યે હાથ કીસી પે પડતા હૈ ના... તો આદમી ઉઠતા નહીં, ઉઠ જાતા હૈ...'



ડાયલોગથી દેવભાષા
ડો. જય ઓઝા

'જબ યે હાથ કીસી પે પડતા હૈ ના... તો આદમી ઉઠતા નહીં, ઉઠ જાતા હૈ...'

- દામિની

ઈ.સ. ૧૯૯૩માં આવેલ 'રાજકુમાર સંતોષી' દિગ્દર્શિત 'દામિની' ફિલ્મ સુપરહીટ રહી હતી, તેમાં સુતનુ ગુપ્તા અને દિલીપ શુક્લાના હાથે લખાયેલ સંવાદો સની દેઓલ બોલે છે, ત્યારે દર્શકો તાળીઓથી વધાવી લેતા હતા, બેસ્ટ સપોર્ટીંગ એક્ટરનો ફિલ્મફેર એવોર્ડ પણ સની દેઓલને આ માટે મળ્યો હતો...

અમરીશ પુરી જયારે ગોવિંદ (સની દેઓલ) ના ઘરે તેને દામિની (મીનાક્ષી શેશાદ્રી) ના કેસમાંથી હટી જવા માટે ધમકી આપવા જાય છે, ત્યારે સની દેઓલ અને અમરીશપુરી જેવા ધુરંધર કલાકારો વચ્ચે સંવાદોની જે ધાણીફૂટ રમઝટ બોલે છે, તે સમયે આ સંવાદ સની દેલોલ કહે છે... અમરીશપુરીના ભાડૂતી ગુંડા જયારે રિવોલ્વર દેખાડે છે, ત્યારે સની દેઓલ કહે છે કે, મારા હાથોમાં જ એવી તાકાલ છે કે, સામી પર એક તાકાત છે કે, સામી પર એક જ હાથ સામી વ્યક્તિના ભાગે આવે તો તેનું રામશરણ થઈ જાય છે...

યોગાનુયોગ, આવો જ જ એક સંવાદ ભાસ વિરચિત 'પંચરાત્રમ્' નાટકમાં ભીમસેનના મુખે બોલાય છે.

ધનુઃ તુ દુર્બલૈઃ એવ ગૃહ્યતે । મમ તુ ભુજૌ એવ પ્રહરણમ્ ॥

- ધનુષ્ય તો દુર્બળો જ રાખે છે, મારા તો હાથ જ હથિયાર છે.

મહાભારતના કથાનક પર આધારિક આ નાટકની રચના સમય વિશે ખૂબ મતમતાંતર છે, પરંતુ શ્રી સુકથંકર, વિન્ટરનિત્સ વગેરે વિદ્વાનોના મત પ્રમાણે તેમનો સમય ૭મી થી ૧૧મી શતાબ્દી વચ્ચેનો માની શકાય.

૧૩માં વર્ષના અજ્ઞાતવાસ દરમિયાન પાંડવોને વિરાટનગરમાંથી પકડી પાડવા માટે હસ્તિનાપુરનું સૈન્ય વિરાટ રાજયની ગાયોનું અપહરણ કરી જાય છે, બૃહન્નલા (અર્જુન)ની મદદથી વિરાટનું સૈન્ય જીતી જાય છે, વલ્લભ (ભીમ) પાયદળના સૈનિકરુપે અભિમન્યુને બંદી બનાવીને વિરાટ રાજા સામે હાજર કરે છે, નાટક ખૂબ સરસ દશ્ય ખડુ કરે છે, કે ભીમ, અર્જુન, યુધિષ્ઠિર ને તે ખબર છે કે આ અભિમન્યુ અર્જુનનો પુત્ર છે, પરંતુ અભિમન્યુ તેમને ઓળખતો નથી... અને ગુસ્સાથી કહે છે કે આ (ભીમે) નિઃશસ્ત્ર પાયદળ બનીને મને પકડી લીધો, આ તેના જવાબમાં ભીમસેન જવાબ આપે છે કે, ધનુષ્ય તો દુર્બળોના હથિયાર કહેવાય... મારા તો હાથ જ હથિયાર છે.

- jayuoza@gmail.com
Mo.9898046488

## ૧૬મી એ 'બાળસાહિત્યની આજ અને આવતીકાલ' કાર્યક્રમ



સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● તા. ૨૧મી ફેબ્રુઆરી એટલે 'વિશ્વ માતૃભાષા ગૌરવ દિન' જે નિમિત્તે ચિલ્ડ્રન્સ યુનિ, ગાંધીનગર અને માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનના સંયુક્ત ઉપક્રમે, ગુજરાતી ભાષાની સજ્જનતા તેમજ તેના સંરક્ષણ અને સંવર્ધન માટે વિવિધ શ્રેણીઓમાં મહત્ત્વપૂર્ણ યોગદાન કરનાર વ્યક્તિ વિશેષ અને સંસ્થાને વર્ષ-૨૦૧૯ના પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવનાર છે, જેમાં (૧) લેખક શ્રેણીમાં ધ્રુવ ભટ્ટ (૨) કવિ શ્રેણીમાં જિગર જોશી (૩) વિદ્યાર્થી શ્રેણીમાં કુ. રાધા મહેતા, અને (૪) વિદ્યાલય શ્રેણીમાં શ્રીમતી પી.ડી. શ્રોફ સંસ્કારદીપ વિદ્યાલય, અંકલેશ્વરને તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૨૦ને રવિવારના રોજ સાંજે. ૭.૩૦ વાગ્યે, ચિલ્ડ્રન્સ યુનિ. પ્રાંગણ, સેકટર-૨૦, ગાંધીનગર ખાતેના સમારોહમાં કવિ તુષાર શુક્લની અતિથિવિશેષ તરીકેની ઉપસ્થિતિમાં સન્માનવામાં આવશે તથા લોકગાયક ભીખુદાન ગઢવી (ગાંધીનગર) અને સાથી કલાકારો ભારતીય પરિવારની સંકલ્પના અને માતૃભાષાની રસપ્રદ અને સંગીતમય (ડાયરો) પ્રસ્તુતિ કરશે. માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનના અધ્યક્ષ ભાગ્યેશ જહા અને ચિલ્ડ્રન યુનિ.ના કુલપતિ હર્ષદભાઈ શાહે ભીવભીનું નિમંત્રણ પાઠવ્યું છે.

● ગાંધીનગર સાહિત્યસભા અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે, 'બાળસાહિત્યની આજ અને આવતીકાલ' અંગેનો એક સાહિત્યિક પરિસંવાદ તા. ૧૬મી ફેબ્રુ, ૨૦૨૦ને રવિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે, બ્રહ્માણી કૃપા હોલ, ગેટ નં. ૧, કડી કેમ્પસ, સેકટર-૨૩ ગાંધીનગર ખાતે યોજાશે. જેમાં ગુ.સા.અ. ના અધ્યક્ષ ડૉ. વિષ્ણુ પંડ્યા ઉદ્‌ઘાટન કરશે, કાર્યક્રમના અધ્યક્ષ તરીકે જીસીઈઆરટીના નિયામક ટી.એસ.જોષી રહેશે. જયારે અતિથિ વિશેષ તરીકે ચિલ્ડ્રન યુનિ.ના કુલસચિવ ડૉ. અશોક એન. પ્રજાપતિ રહેશે. યશવંત મહેતા, યોસેફ મેકવાન, રવજીભાઈ ગાબાણી, નટવર પટેલ નાટકો વિશે વકતવ્યો આપશે. સાહિત્યસભાના સભ્યોને ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવ્યું છે.

muljibhaidhadhi@gmail.com, Mo. 9824236893

# સુરતાની વાડીનો મીઠો મોરલો : કવિરાજા કલાપી



ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

જયન્તી તે સુકૃતિનો,
રસસિધ્ધાઃ કવિશ્વરાઃ
નાસ્તીયેશાં યશઃ કાયે
જરા મરણ જં ભયમ્.

રસસિધ્ધ કવિઓની કીર્તિ નાશવંત નથી તેવી વાત ઉપરના મુક્તકમાં કહેવામાં આવી છે તે યથાર્થ છે. આજે પણ નરસિંહ કે મીરાંના કાવ્યોને ચાહનારો તથા માણનારો મોટો વર્ગ છે. કબીર કે તુલસીની વાણીનું પાન પણ સમાન ઉત્કટતાથીજ લોકો કરે છે. કવિઓએ જે ચરિત્રો તેમની વાણીમાં ગાયા છે તે પાત્રો પણ જગતમાં અમરત્વને પામ્યા છે. બાપા રાવળનો જાણીતો દુહો છે :

અમર હુવા રી ઔષધિ
શોધી જુઓ સંસાર,
બાપો કહે બીજી નહિ,
કાં કવિ કાં કિરતાર.

આપણી ભાષાના કવિઓની જ્યારે વાત કરીએ ત્યારે જેનું સ્મરણ અચૂક થાય છે તે કવિ કલાપી છે. સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ નામધારી આ રાજવી કવિ સાહિત્ય સર્જનની દુનિયામાં પણ ઊંચા આસને હક્કથી બીરાજે છે.

કવિ સુમિત્રાનંદન પંતની એક જાણીતી પંક્તિમાં કાવ્યતત્વનું અંકુર વિષાદ કે વિયોગમાંથીજ પ્રગટ થાય છે તેમ કહેવામાં આવેલું છે. કવિ કહે છે :

વિયોગી હોગા પહલા કવિ
આહસે ઉપજા હોગા ગાન.

અંતરના ઊંડાણમાં પડેલી કોઈ વેદના ઘણા કિસ્સાઓમાં કાવ્ય સ્વરૂપે પ્રગટે છે. કલાપી (૧૮૭૪-૧૯૦૦) પોતાના એક જન્મદિને જે શબ્દો ટપકાવે છે તેમાં જાણે વિષાદનો ઊંડો સૂર સંભળાયા કરે છે. કવિ કલાપીની કવિતાનો આ એક સ્થાયી મૂડ છે તેમ કહેવામાં અતિશયોક્તિ નથી. કવિ કલાપી લખે છે :

ત્રેવીસ વર્ષ મહીં
સ્વપ્ન અનેક વીત્યાં
વીતી અનેક દુઃખનીય
પરંપરા ત્યાં.
શું તેટલોજ હશે
ઈતિહાસ અમારો ?
શું લ્હાણ કાળની
મળી બસ એટલીજ ?

માત્ર ત્રેવીસ વર્ષના તરુણ રાજવીએ જીવનમાં કેટકેટલી વિષાદની છાંયાઓ જોઈ હશે ? આમ તો આ રસસિધ્ધ કવિનો જન્મદિવસ ૧૮-૦૨-૧૮૯૭ માનવામાં આવે છે. કેટલાક સંશોધકોએ જુદી તારીખનો ઉલ્લેખ કરેલો છે. કવિનો મુત્યુ વિષેનો વિષાદ સાચો પણ પુરવાર થયો છે. માત્ર છવ્વીસ વર્ષની વયે કવિ આ જગતમાંથી મહાપ્રયાણ કરી ગયા. ફકીરી હાલમાં મસ્તીભરી જિંદગી જીવી જનારા કવિ લખે છે :

હતો જે હું હતું જે હું
નથી તે તો, નથી હું હું,
ગયું છૂટી ગયું ઊડી,
ફકીરી હાલ મારો છે.
હવે આ દમ નથી દમમાં
ફકીરી હાલ મારો છે.
પરેશાની જ છે રાહત,
ફકીરી હાલ મારો છે.

કલાપી આપણાં એક તેજસ્વી તેમજ જીવનભર મંથન કરનારા કવિ હતા. એક વિશાળ દીલ રાજવી હતા. ઋજુ હદયના મર્મી માનવ હતા. એક સાચા પ્રેમી તેમજ સ્નેહાળ મિત્ર હતા. કવિ પોતે પોતાની અંતરની લાગણી નીચેના શબ્દોમાં વ્યકત કરે છે : (કલાપીનો કેરારવ)

"જો ઘડી ગઈ આનંદમેં જીવનકા ફલ સોહી. આ સિધ્ધાંત કેવો રમણીય છે ! દુનિયાના દુઃખ કવિતા કરતી વખતે દૂર થાય અને આત્મા રસમય બની શકે એજ આનંદ મને મળે તો મારા મહદ્‌ભાગ્ય. એકાંતનું સુખ દુનિયાદારીના જીવડાને કળા વિના ક્યાંથી મળે ?"

સુરસિંહજીનું દુન્વયી નામ ધરાવતા કવિ સૌરાષ્ટ્રના એક નાનકડા રાજય લાઠીના રાજવી હતા. શ્રીઅને સરસ્વતીનો સુયોગ સામાન્ય રીતે ઓછા કિસ્સામાં જોવા મળે છે. તેમાં કવિ કલાપી એક હતા. મા સરસ્વતીની અસીમ કૃપાના ચારે હાથ કલાપી પર વાત્સલ્ય વરસાવતા હોય તેમ લાગ્યા કરે છે. ટૂંકા આયખામાં એક યુગનું કામ આ કવિ કરી ગયા છે. સૌરાષ્ટ્રના રાજવીઓના સંતાનો માટે રાજકુમાર કોલેજની સ્થાપના રાજકોટમાં કરવામાં આવી હતી. કલાપી પણ લગભગ આઠેક વર્ષ ત્યાં રહીને અભ્યાસ કરે છે. માતા તેમજ પિતા બન્નેને તેઓ નાનપણમાં ગુમાવે છે તેની દુર્ભાગ્યપૂર્ણ અસર કવિના જીવનક્રમ પર છવાયેલી રહે છે. આમતો તેઓ પિતાના જયેષ્ઠ સંતાન ન હતા. આથી રાજગાદીના પણ તેઓ તે રીતે વારસ ન હતા, પરંતુ નિયતીનો નિર્ણય ભિન્ન હતો. તેમના મોટાભાઈ ભાવસિંહજીના અકાળ મૃત્યુને કારણે કલાપીને રાજયનો સુયોગ થયો. "ન માગ્યે દોડતું આવે" તેવી આ હકીકત હતી. રાજય સાથે જોડાયેલા કેટલાક બંધનો તેમજ રાજકીય કાવાદાવાનો જીવ આ રાજવીનો ન હતો. આથી રાજય મળતાં તેમને અનેક પીડા કે વેદનાઓ પણ સાથેજ મળી હતી.

રાજયના વહીવટમાં કે અંગત જીવનમાં કવિ અનેક સમયે ઉઝરડાયા છે. તેમાંથી વેદનાના સ્વરે તેમણે ગાયું છે. કદાચ લાંબુ જીવન જીવ્યા હોત તો કવિ સંસારની માયાજાળનો ત્યાગ કરી નીકળી ગયા હોત તેમ નોંધાયું છે. પરંતુ વિધિને એ વાત મંજૂર ન હતી. જીવનમાં રસમયતાની અભિલાષા સેવનારા કવિ ગાઈ ઊઠે છે :

અંધાર છે, લાચાર છું
સિંચો હવે, સિંચો સનમ.
પેદા થયો છું ઢૂંઢવા તુંને
સનમ !
ઉમર ગુઝારી ઢૂંઢતા તુંને
સનમ !

કવિની અમર રચનાઓનો સંગ્રહ – કેરારવ – કવિ કાન્તે ૧૯૩૦માં પ્રગટ કરીને મોટું પુણ્યકાર્ય કરેલું છે. કવિના કાવ્યો છૂટક રીતે જુદા જુદા સામયિકોમાં પ્રગટ થયા હતા. કવિની સમગ્ર કવિતા સ્નેહ તથા અનુકંપાની બે ધારામાં વહે છે તેમ કહેવાય છે તે સર્વથા સાર્થક છે. પોતાના સ્નેહીજનો પરત્વેનો અપારસ્નેહ કવિને છે. ઉપરાંત કવિનો ભાવ સમગ્ર વિશ્વની સૃષ્ટિને પણ આવરી લે તેવો વિશાળ તેમજ ઉત્કટ છે. કલાપી ગઝલોની પરંપરામાં પણ એક તેજસ્વી તેમજ સ્વીકૃત નામ છે. ગુજરાતના યુવાન વર્ગ ઉપર કવિ કલાપીના કાવ્યોની અસર રહેવા પામી છે. અકાળે આથમી ગયેલા આ કવિની છાપ ગુજરાતી સાહિત્યમાં અગ્રસ્થાને છે તથા રહેશે તે નિઃસંદેહ છે. કવિને જીવતરના દુઃખમય સ્વપ્નનો અહેસાસ કાળજે કોતરાયેલો રહ્યો છે.

અહો ! કેવું મીઠું મમ
જીવિત વ્હેળું વહી જતું !
અરે ! તેમાં કેવું વિષ
ભળી ગયું ક્યાંથી કડવું !
મમ હદયના નીલા પર્ણો
જતા સઘળા ખરી,
મરણ ઝરણું ખેંચી જશે
રડીશ તહીં સુધી.

# 'યજ્ઞને મનુષ્યરુપે અવતરવાનું મન થયું ને તે ગાંધીરુપે અવતર્યો'



ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

**'દર્શકની દૃષ્ટિએ મહાત્મા ગાંધી'**

મનુભાઈ પંચોળી 'દર્શકનું એક પુસ્તક છે - 'બે વિચારધારા.' પુસ્તકના શીર્ષકમાં વ્યક્ત થાય છે. તે મુજબ સમાજવાદ અને ગાંધીવાદનું મૂલ્યાંકન છે. મજાની વાત એ છે કે ગાંધીજીના અનુયાયીઓએ સમાજવાદમાં જે જે ઉણપો છે એનો જવાબ તેમણે સમાજવાદમાં આપ્યો છે. બંને વિચાર પ્રવાહોના સામસામેના સંઘર્ષને દૂર કરીને ગાંધીજીની ફિલસૂફી અને સમાજવાદને સમજવાનો પ્રયત્ન કરવા પર પુસ્તકમાં ભાર મૂકાયો છે. આ પુસ્તકના લેખકે જે નિવેદન કર્યું છે એ આપણે જોવા સમજવા જેવું છે.

'લેખક તરફથી' શીર્ષક હેઠળના 'દર્શક'ના નિવેદનમાં તેઓ છ પાનાની પ્રસ્તાવનામાં ગાંધી અને ગાંધી વિચાર પ્રસ્તુત છે ? - એવા પૂછ્યા વગરના સવાલનો જવાબ આપતા હોય એમ વ્યક્ત થાય છે. મહાત્મા ગાંધીની હયાતીમાં જ પ્રકાશિત થયેલા આ પુસ્તકમાં તેમણે સ્પષ્ટતા કરી છે કે આ નિબંધો રજૂ કરતી વખતે હું સ્પીનોઝાના સૂત્ર 'Not to criticise but to understand' ને અનૂસર્યો છું. પુસ્તકના લેખક 'દર્શકે' ગાંધી વિશે રજૂ કરેલી વિગતો ગાંધી સમજણમાં ઉમેરો કરનારી છે.

ગંગાજમના અને સિંધુનાં હરિયાળાં મેદાનો છોડી વાયવ્ય દિશામાં ચાલ્યા જાઓ. મેદાન પાછળ રહી જાય છે, ભૂખરા અને બોડા પર્વતોની હારો દેખાવા માંડે છે. વચ્ચે વચ્ચે મધમાખીના પૂડા જેવા ડુંગરી કિલ્લાઓ દેખાય છે. આખા પ્રદેશમાં છાવણીની જાળ ગૂંથી છે. હિંદુસ્તાનના સિંહદ્વાર સમા એ સરહદ-પ્રાંતના વેરાન અને પહાડી મુલકમાં એક જુવાન મુસાફર આથડી રહ્યો છે. માથે હૅટ ઓઢી છે. બગલમાં થેલો, પાણીની કોથળી અને ખભે કેમેરા છે. પગે ચાલીને પૃથ્વીની પ્રદક્ષિણા કરવા નીકળ્યો છે. કેટલાયે જંગલો અને રણો વીંધ્યા છે. હવે સરહદની જંગલી જાતોને નજરે જોવા એ ડુંગરાઓમાં ભટકવા નીકળ્યો છે. જિલ્લાના લશ્કરી અમલદારો એને કહેલું : 'મિસ્તર ! હું તમને એટલા ભટકવાની સલાહ ન આપું. અમારા સિપાઈઓ પમ હંમેશા ટોળામાં જ જાય છે. રાત્રે તો કિલ્લાની બહાર પગ મૂકવામાં જીવનું જોખમ છે. એટલે તમે જતા હો તો તમારા જોખમે જાઓ છો.'

'હું મારા જ જોખમે જઈશ.' કહી એ ભટકવા નીકળેલો.

મધ્યાહને ઊંચા ઊંચા ડુંગરાની એક ભેંકાર ગાળીમાં ચાલ્યો જતો હતો ત્યાં ઓચિંતાના પંદર - વીસ ઘોડેસવારોએ આવીને ઘેરી લીધો. તડકો ખાળવા માથે મૂકેલ હેટ તરફ આંગળી ચીંધી એની છાતી સામે બંદૂકો ધરી ઊભા રહ્યા. બે-ચાર જણે બાવડું પકડ્યું. એક-બે જણા એનાં ખીસા તપાસવા માંડ્યા. જુવાન ગભરાય તેવો ન હતો. મુસાફરીમાં એને આવા અનુભવો થયા હતા. લૂંટારાઓની અંદર અંદરની વાતોમાં થોડાક વાક્યો એણે પકડી લીધાં. એ સમજ્યો કે આ લૂંટારાઓ એને અંગ્રેજ સમજી મારી નાખવાની વેતરણ કરી રહ્યાં છે. ઓચિંતાનું સૂઝી આવ્યું. એણે માથેથી હેટ ઉતારી નાખી અને પહેરણની ચાળ પકડી મોટેથી બોલવા લાગ્યો : 'ગાંધી, ગાંધી, ગાંધી, ગાંધી' પહાડી ભાષા તો પૂરી આવડતી નથી. ખાદીના પહેરણની ચાળ પકડી બતાવ્યા કરે છે - ગાંધી, ગાંધી.

આકાશમાંથી કોઈ ખુદાઈ ફિરસ્તો ઊતરી આવ્યો હોય તેવા આશ્ચર્યથી સૌ એકદમ દૂર ખસીને તેને જોવા લાગ્યા. જુવાને એની ભાંગીતૂટી ભાષામાં સમજાવ્યું કે પોતે અંગ્રેજ નથી, પણ ગાંધીના પ્રાંતનો છે. ગાંધીને પંડે જોયેલ છે. પોતે ખાદીનાં કપડાં પહેરે છે. હૅટ તો ફક્ત તડકો ખાળવા જ રાખી છે.

ગાંધીનો આદમી છે એ ખબર પડતાં જ બધાંના ચહેરા પરનું ખુન્નસ ચાલ્યું ગયું, મોં પર અદબ દેખાણી. જાણે કોઈ પાક ચીજને અડક્યા હોય તેમ બહું જ કોમળતાથી જુવાનના પહેરણને સ્પર્શ્યા. પોતાની ગુફાઓમાં જઈ જઈને બધા જુવાનની ઓળખાણ પાડી : 'આ ગાંધી, આ ગાંધી.' ગુફાએ ગુફાએ સ્ત્રી-પુરુષોનાં ટોળાં ઉમટ્યાં. સૌની જીભે ગાંધીનું નામ ગુંજવા લાગ્યું.

એ જુવાને કહેલું : 'બંદૂક લઈને જ જન્મતા એ જંગલીઓ મને કહેતા હતા કે અમે આટલી સાલથી અંગ્રેજ રાજ સામે લડીએ છીએ છતાંય કશું વળ્યું નથી. એકલા ગાંધીએ વગર હથિયારે આટલી સાલમાં અંગ્રેજી રાજને મૂંઝવી દીધેલ છે, એ ગાંધી તો કેવો હશે!'

ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોરે કહેલી વાત યાદ આવે છે : 'યજ્ઞને મનુષ્ય સ્વરુપે અવતરવાનું મન થયું ને તે ગાંધીરુપે અવતર્યો.'

(સંદર્ભ : બે 'વિચારધારા' લેખક : દર્શક, સંસ્કાર, સાહિત્ય મંદિર, ૧૯૪૫)